ગાંધીનગર સમાચાર

તા. ૨-૧૦-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સ્વચ્છતા ત્યાં પ્રભુતા

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી વિચારમંત રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી રહ્યા છે. પંદરમી ઓગસ્ટની સવારે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવતી વેળાએ એમણે મોટી યોજનાઓ જાહેર કરવાને બદલે સ્વચ્છતા અભિયાન અને શૌચાલયો જેવી નાની લાગતી છતાં પ્રજાજીવન માટે ખૂબ જ મહત્ત્વની યોજનાઓ વિશે ચર્ચા કરીને એમની પ્રાથમિકતાઓ અને અગ્રતાઓનો અણસાર આપી દીધો હતો. શૌચનો અર્થ છે પવિત્રતા. સ્વચ્છતા અભિયાનમાં બહારની સફાઇની લગોલગ અંતરમનનો કચરો પણ વાળી ઝૂંડીને સાફ કરવાનો છે. એક અર્થમાં દિવાળી આપણું રાષ્ટ્રીય સ્વચ્છતા પર્વ જ છે. મહાત્મા ગાંધીને મન દેશની આઝાદી જેટલું જ બલકે એથી વિશેષ મહિમાવંતુ કામ હતું 'સફાઇ'. પંડિત જવાહરલાલ નહેરૂ એમને મળવા સાબરમતી આશ્રમે આવેલા ત્યારે બાપુએ એમને બારોબાર શૌચાલય સાફ કરવાનું કામ સોંપેલું. એ પંડિત મોતીલાલ નહેરૂના લાડીલા પુત્ર હતા એથી શું? ગાંધીને મન શૌચાલય દેવાલય કરતાં વધુ મહત્ત્વનું સ્થાનક હતું. આપણા વડાપ્રધાનને ગાંધી દર્શનના કેટલાક અગત્યના મૌલિક વિચારોના અમલીકરણની પ્રેરણા જાગી છે તો દેશ માટે આશીર્વાદરૂપ નીવડશે. અમેરિકામાં ન્યુયોર્ક ખાતે ભારતીય સમુદાય દ્વારા ઓજિત ભવ્ય સત્કાર સમારંભમાં મોદી મન મૂકીને વરસ્યા એથી પ્રભાવિત થઇને અમેરિકામાં આધ્યાત્મિક ગુરૂ તરીકે ઓળખાતા સ્વામી ચિન્મયાનંદે મહાત્મા ગાંધીથી આરંભાયેલી ભારતની વિચારયાત્રા મહાત્મા મોદી સુધી પહોંચી હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. સ્વચ્છતા અભિયાન એ કોઇ નવી વસ્તુ નથી કે નથી એ એકાદ અઠવાડિયું, મહિનો કે વરસ પૂરતો કર્મકાંડ. એ તો સતત અને નિરંતર ચાલતો યજ્ઞ છે. વિનોબાએ એને 'યજ્ઞ' જ કહેલ છે. જે દેશના રાષ્ટ્રપિતાએ સફાઇ કાર્યને પૂજાનો દરજ્જો આપ્યો હોય એમાં ગંદકીના ઢગલા થાય તે કેવું! મોદીએ મહાત્માની આ દુખતી રગ પકડી લીધી છે અને રાષ્ટ્રીય સફાઇ અભિયાનનો નવેસરથી સૂત્રપાત કર્યો છે. આ રાષ્ટ્રીય 'સ્વચ્છ ભારત અભિયાન' પૂરાં પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. ૧૮૬૯ની બીજી ઓકટોબરે જન્મેલા ગાંધીજીની ૨૦૧૯માં સાર્ધ શતાબ્દી ઉજવાશે. એમની દોઢસોમી જયંતી સુધીમાં દેશ આખો ચોખ્ખો ચણાક થઇ જાય એવી મોદીની મંશા સાથે દરેક ભારતવાસીએ સૂર પુરાવવાનું ગમશે. દુનિયામાં સૌથી ગંદા દેશોમાં આપણા મહાન લોકશાહી રાષ્ટ્રનો સમાવેશ થાય, એ તો ઘણી શરમજનક બાબત ગણાવી જોઇએ. આપણી અરધોઅડધ બલકે એથી વધારે વસાતિ ખુલ્લામાં જાજરૂ જાય છે. રેલવે ટ્રેક પર તો જાહેર શૌચાલયો જ રચાઇ ગયા છે. આવી વિકટ પરિસ્થિતિનો રાતોરાત ઉકેલ આણવાનું શક્ય નથી. ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થયેલ સફાઇ અભિયાનમાં કેન્દ્રીય મંત્રીઓએ હાથમાં ઝાડુ પકડી પ્રતીકાત્મક સફાઇ યજ્ઞ આરંભ્યો છે. આજે ૨ ઓકટોબર - ગાંધી જયંતીના દિવસે વડાપ્રધાન પોતે ઝાડુ પકડીને સ્વચ્છ ભારત અભિયાનનો ઔપચારિક શુભારંભ કરાવી રહ્યાં છે. મહાત્મા ગાંધીના જન્મસ્થાન પોરબંદરથી આ અભિયાનનો શુભારંભ કરાવનારાં ગુજરાતનાં મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને તો સ્વચ્છતાના સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યા છે. વડાપ્રધાન એક તરફી આખી દુનિયામાં ફરી ફરીને દેશનું ગૌરવગાન કરી રહ્યા છે, બીજી તરફ પ્રજાના સહયોગ વગર શક્ય જ નથી એવું સ્વચ્છતા અભિયાન શરૂ કરતાં અગાઉ 'હું ગંદકી કરીશ નહીં અને કોઇને ગંદકી કરવા દઇશ નહીં' એવા સ્વચ્છતા શપથ લેવડાવી દર વર્ષે ૧૦૦ કલાક અર્થાત્ દર અઠવાડિયે બે કલાક શ્રમદાન કરવાનો સંકલ્પ મુકાવે છે. રાષ્ટ્રપિતાને એમના જન્મદિવસે આથી મોટી શ્રધ્ધાંજલી બીજી કઇ હોઇ શકે?

### ગાંધીમિત્ર એવોર્ડ – ૨૦૧૪

# ગાંધી વિચારના માર્ગે ગ્રામ વિકાસ માટે કામ કરતા રાજ્યના સમાજ સેવકોને રાજ્યપાલના હસ્તે ગાંધી મિત્ર એવોર્ડ એનાયત

**વિશ્વ વિખ્યાત ચિત્રકાર તુફાન રફાઇ સાહેબનું ગાંધીજી આધારિત વિવિધ તસ્વીરોનું એક ખાસ પ્રદર્શન : આંતરરાષ્ટ્રીય નૃત્યકાર ભરત બારિયા અને અક્ષય પટેલ દ્વારા ગાંધીજીના વૈષ્ણવવજન ભજન પર નૃત્યાંકન : પહેલી ઓક્ટોબર, ૨૦૧૪ ના રોજ એવોર્ડ વિતરણ સાથે ગાંધીજી આધારિત દુર્લભ ચીજ વસ્તુઓનું પ્રદર્શન પણ રાજ્યપાલના હસ્તો ખુલ્લું મુકાયું**

ગાંધીનગર, તા. ૧

આજે ભલે ગાંધીજી આપણી વચ્ચે ન હોય પરંતુ તેના વિચારો હજુ પણ આપણા માટે માર્ગદર્શક બનીને આપણી સાથે જ છે ને જેને ખરેખર જીવનમાં ઉતારીને સમાજ માટે ચરિતાર્થ કરતા અનેક સમાજ સેવકો પણ આજે દેશ અને ગુજરાતમાં છે. આ સમાજ સેવકો અને તેમના કામને લોકો સામે લાવવામાં અને બિરદાવવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે, ત્યારે અમદાવાદના વિચાર ટ્રસ્ટ દ્વારા ગાંધી વિચારને પોતાના જીવનમાં ઉતારીને સમાજ માટે ખાસ કરીને ગામડાના વિકાસ માટે કામ કરતા આ સમાજ સેવકોનું સમ્માન કરવાનું ની કરાયું. ગાંધી જયંતિ પ્રસંગે ગાંધી ચિંધ્યા માર્ગે કામ કરતા આ સમાજ સેવકોનું સન્માન કરવામા આવે અને એ પણ રાજ્યપાલના હસ્તે તેનાથી સારી વાત કંઈ હોઈ શકે!





છેલ્લાં ત્રણ વર્ષથી વિચાર ટ્રસ્ટ દ્વારા ગાંધી મિત્ર એવોર્ડ-૨૦૧૪ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, જે અંતર્ગત આ વર્ષો મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીના હસ્તે ગુજરાતના ત્રણ સમાજ સેવકોને ગાંધી મિત્ર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. એવોર્ડમાં સ્મૃતિચિહ્ન, ધનરાશિ અને પુસ્તકો આપવામા આવ્યા. જે ત્રણ સમાજ સેવકોને આ એવોર્ડ એનાયત કરવામા આવ્યા, તેમાં એક છે સુરત જિલ્લાના કરુઠાનાં નિવાસી શ્રી અશોક ચૌઘરી-રસિલા ચૌઘરી, બીજા છે વિજાપુરના પેઢામલી ગામના શ્રી સ્નેહલ-જલદીપ અને ત્રીજા છે રાજકોટના શ્રી જીતેન્દ્ર આર. વાડોળિયા. આમ આ એવોર્ડ હાંસલ કરનારામાં બે તો મહિલાઓ છે જેઓ શહેરમાં નહીં પરંતુ ગામોમાં રહીને ગામ લોકોના વિકાસ માટે કામ કરી રહ્યા છે તેમજ ગાંધીની ગ્રામ સ્વરાજની કલ્પનનાને પણ સાકાર કરી રહ્યા છે. જેથી તેઓના ગ્રામવિકાસના આ કામને લોકો સમક્ષ લાવીને તેઓને પ્રોત્સાહિત કરાશે અને બીજા માટે પણ પ્રરણારૂપ બનશે. આ ગાંધી મિત્ર એવોર્ડ-૨૦૧૪ એવોર્ડ સમારોહ પહેલી ઓક્ટોમ્બરના રોજ સવારે ૧૦:૩૦ વાગે વિચાર ટ્રસ્ટના



અને વિશાલાના પરિસરમાં યોજાયો.

આ અંગે વિચાર ટ્રસ્ટના સુરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષોથી વિચાર ટ્રસ્ટ દ્વારા ગાંધી મિત્ર એવોર્ડનું આયોજન કરવામાં મને ખુશી થાય છે.



ગાંધી જયંતિ નિમિત્તે પહેલી ઓક્ટોબરના રોજ આ ખાસ એવોર્ડ સમારોહ યોજીને ગુજરાત વિવિધ પ્રદેશોમાં ગાંધી વિચારના માર્ગે કાર્ય કરતા ત્રણ સમાજ સેવકોને ગાંધી મિત્ર એવોર્ડ - ૨૦૧૪ એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ માટે અમારી સંસ્થા દ્વારા સમાજમાં પત્રો લખીને નોમિનેશન પણ મંગાવવામા આવ્યા હતા અને ત્યારબાદ નિર્ણાયકોની એક પેનલ પણ નિમવામાં આવી હતી, આ નિર્ણાયકોમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી સુદર્શન આયંગર, ડો. શ્રી રાજેન્દ્રભાઇ ખીમાણી, શ્રી હસમુખ પટેલ (કર્મશીલ) જેવા સમાજના અગ્રાણીઓ હતા . જેઓ દ્વારા ૫૦થી વધુ નોમિનેશન્સમાં ત્રણ નામો પસંદ કરવામાં આવ્યા હતા.

સુરેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે મોટા ભાગે લોકો શહેર તરફ દોડે છે ત્યારે આજે પણ ઘણા યુવાનો ગામડામાં બેસીને ગામડાના વિકાસ માટે કામ કરી રહ્યા છે. સ્વતંત્રતાના સમયકાળમાં ગામડામાં બેસીને કામ કરવું જુદી વાત હતી અને આજે કામ કરવું એ જુદી વાત છે. આવા યુવાનોનું સન્માન કરીને સમાજ સામે તેમને લાવવાનો નાનકડો પ્રયાસ વિચાર ટ્રસ્ટે કર્યો છે.

મહત્વનું છે કે આ એવોર્ડ સમારોહ સાથે વિશાલાના પરિસરમાં આંતરરા"ટ્રીય નૃત્યકાર ભરત બારિયા અને અક્ષય પટેલ દ્વારા ગાંધીજીના વૈ"ણવવજન ભજન પર નૃત્યકલા કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ વિખ્યાત ચિત્રકાર તુફાન રફાઇ સાહેબની ગાંધીજી આધારિત વિવિધ ચિત્રોનું એક ખાસ "દર્શન પણ યોજાઈ રહ્યું છે. આ "દર્શન રાજકોટ સ્થિત 'સંપદા' સંસ્થાના શ્રી ઘનશ્યામ ગઢવી દ્વારા આયોજિત કરેલ છે. આ "દર્શનનું ઉદઘાટન મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમ "કાશ કોહલીના હસ્તે ૧લી ઓક્ટોમ્બર, ૨૦૧૪ના રોજ એવોર્ડ વિતરણ કાર્યક્રમ બાદ કરવામા આવ્યું હતું.

### ગાંધીજંયતી નિમિત્તે

*જીવનમાં થોડા બસ અભરખાં રહ્યા છે,*
*પલ્લાં તો બેઉ સરખાં રહ્યા છે.*
*નથી વાંક ભરત કે વળી રામનો પણ,*
*નથી પાદુકા કયાંક, પગરખાં રહ્યાં છે.*
*બતાવો ને એકાદ જો મળે કાંતનારો,*
*ગાંધીના કેવળ અહીં ચરખા રહ્યાં છે.*
*ખમી તો લીદા છે અમે ઘા સમયનાં,*
*ગયું કયાં વજન આ ભલા શબ્દ કેરું?*
*નામ છે ગઝલનું, લસરકાં રહ્યાં છે.*

- ડૉ. મુકેશ જોષી

## જે.એમ.ચૌધરીની થાઇ બોક્સીંગની રમતમાં ૬ બાળાઓએ મેડલ જીત્યા

અન્ડર-૧૯ થાઈ બોકસીંગ રાજય કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની કુલ ૬ ખેલાડી બહેનો ગોલ્ડ મેડલ વિજેતા બનીને શાળાનું ગૌરવ વધારેલ છે. વિજેતા ખેલાડીઓ નેશનલમાં રમવા જશે જેમાં ચૌધરી કિંજલ, ચૌધરી હિના, ચૌધરી અંજના, ચૌધરી શીતલ, ચૌધરી મુન્ની અને ચૌધરી લક્ષ્મીનો સમાવેશ થાય છે. અન્ડર-૧૯ સિલમ્બમ સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં શાળાની બહેનોએ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. ચૌધરી મનીષાબેને બ્રોન્ઝ મેડલ, ચૌધરી રીનાએ સિલ્વર મેડલ અને ચૌધરી કિરણે પણ સિલ્ડવર મેડલ પ્રાપ્ત કરેલ છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩ ઓગસ્ટ માસમાં ગુજરાતના કયા સ્થળે પંચાયતી રાજ અંગે રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઇ હતી ?

➜ **મહાત્મા મંદિર (ગાંધીનગર)**

૨. ૨૦૧૩માં સૌથી નાની ઉંમરે આઈઆઈટીની પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી કોણ છે ?

➜ **સત્યમ**

૩. ૨૦૧૩માં સૌથી નાની ઉંમરે આઈઆઈટીની પ્રવેશ પરીક્ષા પાસ કરનાર સત્યમની ઉંમર કેટલી છે ?

➜ **૧૩ વર્ષ**

૪. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા કુલ કેટલા પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી ?

➜ **૧૨૭**

૫. ૨૦૧૩માં વિકટોરીયા એન્ઝરેન્કાને હરાવી કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતનાર કઇ ખેલાડી યુ.એસ.ઓપનમાં ચેમ્પિયન બની હતી ?

૬. ૨૦૧૩માં વિશ્વના કયા બે દેશે સ્વૈચ્છિક મૃત્યુને માન્યતા આપી છે ?

➜ **નેધરલેન્ડ અને બેલ્જિયમ**

૭. તીરંદાજી વર્લ્ડ કપમાં કયો દેશ તૃતીય સ્થાને રહ્યો હતો ?

➜ **ડેન્માર્ક**

૮. ૨૦૧૩માં આયોજિત ચાઇના ઓપન બોક્સીંગ ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડી મનજીતસિંહને કયો મેડલ મળ્યો હતો ?

➜ **રજત (સિલ્વર)**

૯. ૨૦૧૩માં આયોજીત ચેમ્પિયન્સ ટ્રોફીમાં ૭૦૦ રન પુરા કરનાર પ્રથમ બેટ્સમેન કોણ બન્યો છે ?

➜ **ક્રિસ ગેઇલ**

૧૦. ૨૦૧૩માં દોહા ખાતે આયોજીત ૧૫મી એશિયન યુવા વેઇટલિફટીંગ ચેમ્પિયનશીપમાં ભારતના કયા ખેલાડીએ ૩ ગોલ્ડ મેડલ જીત્યા હતા ?

➜ **આર. વેંકટ રાહુલ**

૧૧. ૨૦૧૩માં થાઈલેન્ડ ઓપન ગ્રાન્ડ પ્રિક્સ ગોલ્ડ ટુર્નામેન્ટમાં ભારતનો કયો બેડમિન્ટન ખેલાડી ચેમ્પિયન્સ બન્યો હતો ?

➜ **કે. શ્રીકાન્ત**

૧૨. ૨૦૧૩માં લોહીના નમૂના પરથી રોગની ઓળખ કરનારી આધુનિક સેન્સર ચીપ કઇ ઇન્સ્ટીટયુટના વૈજ્ઞાનિક દ્વારા વિકસાવવામાં આવી છે ?

➜ **ન્યુજર્સી ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી**

૧૩. ૨૦૧૩માં અમેરિકન ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સ રશિયાની મારિયા શારાપોવાને હરાવી કેટલા વર્ષ બાદ ફ્રેન્ચ ઓપનમાં ચેમ્પિયન બની ?

➜ **૧૧ વર્ષ બાદ**

૧૪. આઈસીસી ચેમ્પિયન ટ્રોફીમાં ૨૦૧૩માં કયો દેશ વિજેતા બન્યો હતો ?

➜ **ભારત**

૧૫. ૨૦૧૩માં લંડનમાં યોજાયેલી એટીપી વર્લ્ડ ટૂર ફાઇલનમાં સર્બિયાના નૉવાક જોકોવિચે કોને હરાવ્યો હતો ?

➜ **રફેલ નડાલ**

૧૬. ૨૦૧૩માં ફોરેન પૉલિસી મેગેઝીનના ૧૦૦ ટોચના વિચારકોની સૂચિમાં પ્રથમ સ્થાન કોને આપવામાં આવ્યું છે ?

➜ **એડવર્ડ સ્નોડેન**

૧૭. ૨૦૧૩માં તબીબ ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર કયા ત્રણ તબીબને આપવામાં આવ્યા હતા ?

➜ **જેમ્સ ઇ રોથમેન (યુએસએ), રેન્ડી ડબલ્યુ રોકમેન (યુએસએ), થોમર્સ સુડોક (જર્મની)**

૧૮. ૨૦૧૩માં ફિઝિક્સ ક્ષેત્રનું નોબેલ પુરસ્કાર કયા બે વૈજ્ઞાનિકને પ્રાપ્ત થયું હતું ?

➜ **ફ્રાન્કોઇસ ઇંગ્લેર્ટ, પીટર હિગ્સ**

૧૯. ૨૦૧૩માં બાંગ્લાદેશની સંસદમાં સૌપ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?

➜ **શરીન શર્મિલ ચૌધરી**

૨૦. ૨૦૧૩માં ૨૯માં વર્લ્ડ ઇકોનોમિક્સ ફોરમનું વાર્ષિક સંમેલન કયાં યોજાયું ?

➜ **કોચીન - કેરળ**

# ગાંધીને સમજીએ અને તેમના ઉપદેશને પણ જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ

### લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

આંખો પવિત્ર રાખ, સાચું તું બોલ,
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ
સત્ય એજ પરમેશ્વર બાપુનો બોધ
તારામાં પરમેશ્વર છે કે નહિ શોધ

પ્રતિવર્ષ, રાબેતા મુજબ આપણે બધા ૨ જી ઓકટોબરે ગાંધી જયંતી ઉજવીએ છીએ! શાશ્વત સત્ય સમા યુગપુરુષને... મહાત્મા...રાષ્ટ્રપિતા... પૂજય બાપુ વગેરે વગેરે... હુલામણા વિશેષણોથી તત્કાલીન ભારતીયજનોએ નવાજયા - ને - આપણને એ વારસામાં મળ્યાં... પરંતુ એનું ગૌરવ જાળવવાની પાત્રતા (આપણી કેટલી?) અંગે સૌ ભારતીય જનોએ આત્મચિંતન કરવું ઘટે...

આપણા નેતાઓ રાજઘાટની મુલાકાતે જાય... ગાંધી સમાધિ પર પુષ્પાંજલિ કરે... ચરખો કાંતે... ઝાડું હાથમાં લઈ દેખાડો કરી અખબાર જોગ ફોટા પડાવે... ક્યાંક પ્રાથના સભામાં જોડાય... ક્યાંક ગાંધીને યાદ કરી ભાષણો અપાય... બસ આમ આખો દિવસ પૂરો કરે... વર્ષો વરસ આજ રૂટીન યંત્રવત પરંપરા ને પાછા નેપથ્યે...

ખેર, આપણો દેશ સદનસીબ કે આઝાદીના સાતમા દાયકે એક સમર્થ નેતા વીર નરેન્દ્ર મળ્યા... કે જેઓ ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી ની પૂર્વ તૈયારીના ભાગરૂપે બાપુનું પ્રિય રચનાત્મક કાર્ય સ્વચ્છતાને જન આંદોલનમાં પરિવર્તિત કરવાની નેમ સાથે પૂજય બાપુને અભૂતપૂર્વ સ્મરણાંજલિનો અર્ઘ્ય અર્પવા કમર કસી છે.

મહાપુરુષ સાચા અર્થમાં નેતૃત્વનો પર્યાય બન્યા... મારું જીવન એજ મારો સંદેશ કહેનારો ગાંધીવિચાર આજે માત્ર ભાષણોમાંજ રહી ગયો છે. આચરણમાં મૂકનારા નેતાઓ બહુ જૂજ જોવા મળે... મિત્રો, ગાંધીને યાદ કરવા એ અલગ વાત છે. ને ગાંધીચિંધ્યા રાહે જીવન જીવવું એ અલગ વાત છે. દોસ્તો, મિ. એમ. કે. ગાંધી... મોહનમાંથી મહાત્મા બનનાર આ રોમાંચકારી વ્યક્તિત્વને આજના દિને પીછાણવું રહ્યું... સમજવું રહ્યું...!

દેશમાં સરકારી નોકરો બહુ બહુ તો પાંચ-સાત લાખ હશે તો એ સિવાયના બીજા ક્યાં જાય? સ્વતંત્રતાના જમાનામાં પણ એથી વધારે નોકારીયો હોવાનો સંભવ નથી., કારણ કે આજે તો કલેકટરની પાસે જેટલા ગુમાસ્તા છે તેટલા ગુમાસ્તાની સ્વરાજના કલેકટરને જરૂર નહિ રહે. કલેકટર પોતેજ ગુમાસ્તો બનશે. આ ભિખારી દેશમાં કલેકટરને, એક માણસ કાગળો ઉપાડવાને, બીજો માણસ ઝાડું કાઢવાને, ત્રીજો માણસ પાયખાના સાફ કરવાને, ચોથો માણસ રાંધવાને અને પાંચમો માણસ કાગળો લાવવા લઈ જવાને હોય એ કેમ પોસાય?

આ શબ્દો કોઈ તરંગીના નથી - કોઈ પાગલ કે અર્ધ દગ્ધના નથી - દેશ અને દુનિયામાં થતી પ્રગતિ તરફ આંખ મીચામણા કરનારના નથી કે કોઈ વેદીયાના કે બિન અનુભવીના નથી પરંતુ તાં ૧૨/૦૩/૧૯૩૦ના રોજ દાંડીકૂચ આરંભાઈ તે પહેલાં ગાંધીજી આ શબ્દો બોલ્યા હતા. એમણે કલેકટર શબ્દ તો બહુ વ્યાપક અર્થમાં વાપર્યો છે. એમનો બોલવાનો હેતુ તો દરેક સરકારી નોકરની કાર્યક્ષમતા વધારવાનો છે. આમાં ગાંધીની કલ્પનાના સરકારી નોકરો/અધિકારીઓ પાસેથી એ શાની અપેક્ષા રાખતા હતા એની ઝાંખી થાય છે. આ શબ્દો ઉચ્ચારાયા ત્યારે સ્વરાજની ઝંખના હતી આજે સ્વરાજ મળ્યાના દાયકાઓ વીત્યા પૂજય બાપુની આ ઝંખના ચરિતાર્થ કરવાની આપણ સૌની જવાબદારી જ નહિ ફરજ બની રહે છે!

ગાંધીજી પોકારીને કહેતા કે રચનાત્મક કાર્ય કાર્ય વિના સ્વરાજ મળશે નહિ, અને મળશે તો તે નકામું નીવડવાનું છે. સ્વરાજ મળ્યાના શરૂના દિવસોમાં નવો માહોલ-ઉત્સાહનો અતિરેક - સૌ કોઈ અંજાયા... શરુ શરૂમાં શુભેચ્છાઓ દાખવીઓ - સુરાજ બનાવવાના બનતા પ્રયાસો થયા- પરંતુ ગણ્યાગાંઠ્યા જ એવા હતા હતા કે જેમને પોતાના કામની ગતાગમ હતી. દોસ્તો, કર્મચારી/અધિકારી કે પ્રધાનો ત્રણ પ્રકારના હોય છે. (૧) લોક કલ્યાણ માટે શું કરવું જરૂરી છે એને માટે કેવા પગલા લેવા જોઈએ એની જેને ખબર હોય. (૨) લોક કલ્યાણ માટે શું કરવું જરૂરી છે એની જેને ખબર હોય પણ એને માટે કેવા પગલા લેવા જોઈએ એની જેને ગતાગમ હોય નહિ અને (૩) જેને લોક કલ્યાણ માટે શું કરવું જરૂરી છે તેની જ ખબર ન હોય એટલે પછી કયાં પગલાં લેવાં તેની તો ખબર જ ક્યાંથી હોય. સ્વરાજ પ્રાપ્તિના આરંભના તબક્કે પ્રથમ પ્રકારના નેતાઓ જ સફળ નીવડ્યા... બીજા પ્રકારના નેતાઓ તો હાથ નીચેના અદિકારીઓ ભણાવે તેટલું જ ભણ્યા - એ અનુકુળ થાય તો પ્રધાન સફળ નીવડે. જયારે ત્રીજા પ્રકારના તો માત્ર મત્તું જ મારે - રબર સ્ટેમ્પ બની રહે... કાલક્રમે ગાંધી વિચાર ઘસાતો ગયો... સત્તા મળી તો સ્વાર્થ સાધી લો... પછી તો ધીરે ધીરે લાંચ રુશ્વતનો શિરસ્તો શરુ થયો. સહજતાથી ધન પ્રાપ્તિ... અરે, નવાં નવાં ખાતાં (ખાતું શબ્દ કેટલો સૂચક અને અર્થપૂર્ણ બની ગયો છે!) ખુલતા ગયાં કર્મચારીઓની ફોજ ખડકાવા માંડી. કોઈપણ સરકારી ઓફિસમાં જઈએ તો માલુમ પડે કે કર્મચારીઓના અને પટાવાળાનાં ઝૂંડ ને ઝૂંડ આમ થી તેમ ફરતા હોય છે. અગર વાતો કરતા હોય છે હાજરી પૂરવાનું ફરજીયાત છે પણ સાચી હાજરી પૂરાય છે? એમાં સમય સાચો પૂરાય છે? ટેબલ પર ચશ્માં પડ્યાં હોય પણ એ વ્યક્તિ ઓફિસમાં હોય છે ખરી? એમના ટેબલો તપાસાય છે? કેટલું કામ બાકી છે અને કેટલા વખત થી બાકી છે એ જોવાય છે? કામકાજ સિવાયના કાગળીયાને ચોપડીયો એમના ટેબલમાં હોય છે?

આમ જોઈએ તો આમ જ આખા તંત્રના સંધ ઢીલા પડતા જાય છે. આ માટે રાજકર્તા તેમજ અધિકારી નોકર વર્ગ બધાય જવાબદાર છે. ત્યાં પછી ગાંધી ના સ્વપ્ન ના સ્વરાજની ઝાંખી ક્યાંથી થાય? ખાતા વધારવા, નોકર વધારવા, કામ ઘટાડવું, કામ ન કરવું, કામ ધીમે કરવું... આમાં ગાંધીજીની કલ્પનાના કર્મચારી ક્યાંથી આવે? પૂજય બાપુએ એમના આખરના દિવસોમાં આવું બધું ઉલટું જોયું ને એમની હતાશા વધતી ગઈ ને એક વખત કહે, મારા અંતરમાં દાવાનળ સળગે છે. અંતર રડે છે હું ક્યાં જાઉં? વળી કહે,?? બોલવાનું કશું વજન પડતું નથી પોતે આપઘાતની વિરુદ્ધમાં હતા પણ દિલ તો દુભાયા જ કરતુ... તારીખ ૨/૧૦/૧૯૪૭ ના રોજ એમના જન્મદિને અભિનંદન આપનારા અનેક જણ આવ્યા... એ કહે, આને અભિનંદન નહિ પણ ખરખરો કહેવો વધુ યોગ્ય છે. લાંબુ જીવવાની મને ઈચ્છા નથી વળી કહે, એવા મારા ભાગ્ય ક્યાંથી કે કોઈ મને ગોળી મારે.

ઈશ્વરે જાણે એમની આંતરવ્યથા અને પ્રાર્થના સાંભળી અને ગોડસેના અંતરમાં પ્રેરણા મૂકી. મહાત્મા ઈચ્છતા હતા એ સદભાગ્ય એમણે તો સાંપડ્યું ને સ્વરાજય જોવા એ જીવતા ન રહ્યા!!!

દોસ્તો, ૨ જી ઓકટોબરે ગાંધી જયંતી માત્ર દેખાડા ખાતર ન ઉજવીએ પરંતુ ગાંધીને સમજીએ અને તેમના ઉપદેશને પણ જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ. મહાપુરુષોની વાતો કોઈપણ યુગમાં પૂરાણી થતી નથી. આજે સમગ્ર જગતને રામ, કૃષ્ણ. બુદ્ધ, મહાવીર, ઈશુ, મહંમદ ને ગાંધી નાં સનાતન સત્યો અપનાવવાની જરૂર છે. જો દરેક જણ પોતપોતાના ધર્મનું સાચીરીતે પાલન કરે તો જગતમાંથી બધી જ આપત્તિઓ દૂર થશે ને સાચા અર્થમાં જગત સ્વર્ગ બની જશે. આવો, આપણે સૌ સાથે મળી હૈયામાં હકારાત્મક ભાવના રાખી વિશ્વકલ્યાણાર્થે પ્રાર્થના કરીએ. દસે દિશાએથી આપણને સારાં વિચારો પ્રાપ્ત થાય આ જગતનું વાતાવરણ બધી જ રીતે પ્રદુષણ મુક્ત થાય વિશ્વ બંધુત્વને ભાઈચારાની ભાવના પ્રબળ થાય...!!!

**સ્પર્શમણિ -**

| | |
|---|---|
| ગાંધીજીની રાજનીતિ | એટલે સત્ય |
| ગાંધીજીની મુત્સદ્દીગીરી | એટલે સત્ય |
| ગાંધીજીનું રક્ષાકવચ | એટલે સત્ય |
| ગાંધીજીનુંસાધનાબિંદુ | એટલે સત્ય |
| ગાંધીજીનું જીવન | એટલે સત્ય |
| ગાંધીજીનું સર્વસ્વ | એટલે સત્ય |

ગાંધીજી એ આપણને પોતાના આચરણ દ્વારા શીખવ્યું કે જીવનમાં પકડવા જેવું અને પકડી રાખવા જેવું એકમાત્ર કોઈ પૂંછડું હોય તો તે સત્યનું પૂંછડું છે.

- ગુણવંત શાહ